# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી હસ્તકની પોલીટેકનીકમાં ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ માટેની જાહેરાત

સને ૨૦૨૫-૨૬માં સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી હસ્તકની કૃષિ, બાગાયત, કોમ્યુનીટી સાયન્સ એન્ડ ન્યુટ્રિશન પોલીટેકનિક્સમાં ચાલતા ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક પાત્રતા ધરાવતા ધોરણ-૧૦માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન કોમન પ્રવેશ પ્રક્રિયાને અંતે ખાલી રહેલ બેઠકો રૂબરૂ કાઉન્સેલિંગ દ્વારા નીચેના સ્થળ ખાતે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ તમામ જરૂરી અસલ પ્રમાણપત્રો અને તેની સ્વ-પ્રમાણિત બે નકલ સાથે હાજર રહેવું.

**તારીખ : ૦૨-૦૮-૨૦૨૫** **સમય : સવારે ૦૮-૦૦ કલાકે**

**સ્થળ : પ્રોફ. વી. આર. મહેતા ઓડિટોરિયમ, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવેર્સિટી, સરદારકૃષિનગર**

## પ્રવેશ અંગે નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે

- **પ્રવેશ લાયકાત:**

ઉમેદવારે ધોરણ-૧૦ની પરીક્ષામાં (૧) ગુજરાતી / પ્રદેશિક ભાષા (૨) ગણિત (Standard/Basic Maths) (૩) વિજ્ઞાન (4) સામાજિક વિજ્ઞાન / સમાજ વિદ્યા (૫) અંગ્રેજી વિષયોના ગુણના નીચે દર્શાવ્યા મુજબના ટકા મેળવેલ હોવા જોઈએ.

- **અનુસુચિત જાતી (SC) તથા અનુસુચિત જન જાતી (ST) ના ઉમેદવારો માટે ઓછામાં ઓછા ૩૩ ટકા**
  **અન્ય ઉમેદવારો માટે ઓછામાં ઓછા ૪૦ ટકા**

- **પ્રવેશ લાયકાત માટેના નીચેના અસલ પ્રમાણપત્રો તથા તેની બે નકલ સ્વ – પ્રમાણિત કરીને સાથે રાખવાની રહેશે.**

(૧) ધોરણ-૧૦ની માર્કશીટ
(૨) સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ
(૩) જાતિ / EWS નું સર્ટિફિકેટ (લાગુ પડતું હોય તો)
(૪) SEBC ઉમેદવારે નિયત સમયગાળાનું નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ
(૫) પાસપોર્ટ સાઈઝનો ફોટો

- પ્રવેશ મળ્યે સ્થળ પર જ નિયત ફી (ભાઈઓ - રૂ. ૧૨૨૦/- તથા બહેનો - રૂ. ૯૭૦/- ભરવાના રહેશે.
- યુનિવર્સિટીના પ્રવર્તમાન વિનિયમો મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોને તેમના મેરિટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.
- ઉમેદવારે સ્વ ખર્ચે પ્રવેશ માટે હાજર રહેવાનુ રહેશે.
- હાલ ખાલી રહેલ બેઠકોની માહિતી નીચે પ્રમાણે છે.

## પોલીટેકનિકમાં ખાલી રહેલ બેઠકોની વિગત

| પોલીટેકનિકનું નામ | કુલ ખાલી બેઠકો | પોલીટેકનિકનું નામ | કુલ ખાલી બેઠકો |
|---|---|---|---|
| કૃષિ પોલીટેકનીક, સ.દાં.કૃ.યુ., ડીસા | 03 | બાગાયત પોલીટેકનીક, સ.દાં.કૃ.યુ., જગુદણ | ૦૭ |
| કૃષિ પોલીટેકનીક, સ.દાં.કૃ.યુ., અમીરગઢ | ૧૪ | ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ પોલીટેકનીક, સ.દાં.કૃ.યુ., સરદારકૃષિનગર (ફક્ત બહેનોને પ્રવેશ આપવામાં આવશે) | ૦૯ |
| કૃષિ પોલીટેકનીક, સ.દાં.કૃ.યુ., ખેડબ્રહ્મા | ૧૫ | | |

Sd/-
**કુલસચિવ**
સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર